# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-10-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# POLICE SMRUTI DIVAS

આજે પોલીસ સંભારણા દિવસ છે. વર્ષ 1959માં આ દિવસે લદ્દાખના હૉટ સ્પ્રિંગ્સમાં ભારે હથિયારથી સજ્જ ચીનના સૈનિકો દ્વારા કરાયેલા હુમલામાં 10 બહાદૂર પોલીસકર્મીઓએ પોતાના જીવ ગુમાવ્યા હતા. ત્યારથી દર વર્ષે 21 ઑક્ટોબરને પોલીસ સંભારણા દિવસ તરીકે મનાવાય છે.

નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી હર્ષ સંઘવીએ દેશભરમાં ફરજ દરમિયાન જીવ ગુમાવનારા પોલીસ કર્મચારીઓને શ્રદ્ધાંજલિ આપી. સુરત પોલીસ પરેડ મેદાન ખાતે પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત અને વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં આયોજિત સમારોહમાં રાજ્યના ત્રણ અધિકારી અને સમગ્ર ભારતમાં 191 પોલીસ અધિકારીઓને તેમના સર્વોચ્ચ બલિદાન બદલ સન્માનિત કરાયા. આ અંગે પોલીસ કમિશનર શ્રી ગેહલોતે વધુ માહિતી આપી.

(BYTE: ANUPAM SINGH GEHLOT, CP, SURAT)

. . . .

# 108 EMERGENCY CASE

આ દિવાળીના તહેવારમાં 108 આકસ્મિક આરોગ્ય સેવા – EMS દ્વારા સમગ્ર રાજ્યમાં પાંચ હજાર 406 આકસ્મિક કેસને સંભાળવામાં આવ્યા. સામાન્ય દિવસોની સરખામણીએ આ કેસમાં 12 પૂર્ણાંક શૂન્ય છ ટકાનો વધારો થયો છે.

સત્તાવાર યાદી મુજબ , દિવાળી દરમિયાન દાઝવાના સૌથી વધુ 17 કેસ અમદાવાદમાં નોંધાયા. જ્યારે સુરતમાં આઠ , જામનગરમાં પાંચ અને નવસારીમાં ચાર લોકો દાઝ્યાના અહેવાલ છે.

તો, માર્ગ અકસ્માતના કેસમાં 73.18 ટકાનો વધારો નોંધાયો. જ્યારે વાહન સિવાયના અકસ્માતમાં ઈજા થયાના બનાવમાં 75.73 ટકાનો વધારો થયો. સૌથી વધુ 85.68 ટકા આકસ્મિક કેસ રાજકોટ અને 83.78 ટકા કેસ સુરતમાં નોંધાયાના અહેવાલ છે.

. . . . . . . .

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 26 તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત ” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિઓ કાર્યક્રમની આ 127-મી કડી હશે. આ માટે લોકો પોતાના મંતવ્યો ટૉલ ફ્રી નંબર 1800—11—7800 પર તેમજ નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અને માય GOV ઑપન ફૉરમના માધ્યમથી ઑનલાઈન મોકલી શકે છે. આ મહિનાની 24 તારીખ સુધી આ મંતવ્ય મોકલી શકાશે.

. . . . .

# DGP NYAY SRUTI

ટૅક્નોલૉજીના મહત્તમ ઉપયોગ થકી ન્યાય  ની પ્રણાલીને વધુ વેગ આપવા ન્યાય-શ્રુતિ પ્રૉજેક્ટ અમલમાં મૂકાયો છે. આ અંગે માહિતી આપતા રાજ્યના મુખ્ય પોલીસ અધિકારી – DGP વિકાસ સહાયે કહ્યું, ન્યાય-શ્રુતિ પ્રૉજેક્ટ બાદ આરોપીને અદાલતમાં રજૂ કરવા બહાર લઈ જવાની જરૂર પડતી નથી. આરોપીઓને જેલમાંથી જ વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી અદાલતમાં રજૂ કરી શકાય છે.

(BYTE: VIKAS SAHAY, DGP)

. . . . . . . . . . . . .

# MEHSANA NAVI PAHEL

મહેસાણામાં કડીની સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંસ્થાની પ્રેરણાથી વિદ્યાર્થીઓ દ્વારા પ્લાસ્ટિક-મુક્ત ઝૂંબેશ હાથ ધરાઈ. પર્યાવરણ અને પ્રકૃતિ અંગે લોકોને જાગૃત કરવા યોજાયેલી આ ઝૂંબેશ હેઠળ કડીની 12 શાળા , 11 મહાવિદ્યાલય અને ચાર છાત્રાલયના વિદ્યાર્થીઓએ દાન એકત્રિત કર્યું હતું. ત્યારબાદ તેમણે જરૂરિયાતમંદ લોકો અને બાળકોને 23 હજારથી વધુ વસ્તુઓનું વિતરણ કર્યું હતું.

. . . . . . . .

# WEATHER FORECAST

હવામાન ખાતાએ આજથી સાત દિવસ દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી કરી છે. જ્યારે સાબરકાંઠા , અરવલ્લી , મહીસાગર , તાપી , નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. તો 25 તારીખથી દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદની તીવ્રતા વધશે. તેમ હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

. . . . . . . . . . . . .